ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૯-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### માતૃશક્તિનો મહિમા ગાતી પદયાત્રા

ગુજરાતના ઉત્તર છેડે આરાસુરમાં અનોખી શક્તિપીઠ રૂપે પ્રગટ થયેલાં જગદંબા આપણી રાષ્ટ્રીય આસ્થાનું પ્રતીક છે. આરાસુર એ અરવલ્લીની ગિરિમાળાનો જ એક પર્વત છે, જેને આપણે 'ગબ્બર' તરીકે ઓળખીએ છીએ. પુરાણકથા મુજબ સતીએ દક્ષ પ્રજાપતિના યજ્ઞકુંડમાં આત્મસમર્પણ કર્યું તે પછી રોષે ભરાયેલા શિવજીએ સતીનો દેહ ઊંચકી તાંડવ નૃત્ય કર્યું ત્યારે પૃથ્વી પર હાહાકાર મચી જશે એમ વિચારી વિષ્ણુ ભગવાને સુદર્શન ચક્રથી સતીનાં અંગોનું છેદન કરતાં એમના હૃદયભાગ આ સ્થળે પડ્યો હતો. તેથી અન્ય શક્તિપીઠો કરતાં અંબાજી વિશેષ લોકપ્રિય છે. મા જગદંબા એ ગબ્બરનાં કે આરાસુરનાં જ નહીં, સમસ્ત આર્યાવર્તનાં અધિષ્ઠાત્રી દેવી છે. એ જગજ્જનની છે એટલે એમને મન આપણે બધાં એમનાં બાળકો છીએ. ભાદરવા સુદ પૂનમના પવિત્ર દિવસે અંબાજીમાં સદીઓથી મેળો ભરાતો રહ્યો છે. અગાઉ આ વિશ્વવિખ્યાત શક્તિપીઠ સ્થાનિક દાંતા રજવાડા હસ્તક આવતી હોઈ દાંતા નરેશ એનું વિશેષ ધ્યાન રાખતા. આઝાદી પછી અંબાજી મંદિરનો વહીવટ દેવસ્થાન ટ્રસ્ટ હસ્તક છે. દેશનાં સુપ્રસિદ્ધ દેવસ્થાનો- તિરુપતિ બાલાજી, શિરડી સાંઈ સંસ્થાન અને સિદ્ધિ વિનાયક (મુંબઈ)ની હરોળના આ સમૃદ્ધ માતૃમંદિરમાં હિંદુ સનાતન ધર્માવલંબીઓ ઉપરાંત અન્ય સંપ્રદાયોમાં માનનારા લોકો પણ ઊંડી શ્રદ્ધા ધરાવે છે. છેલ્લા ત્રણ-સાડા ત્રણ દાયકાથી આ શ્રદ્ધામાં ઘોડાપુર આવ્યું છે. હજારોની સંખ્યામાં લોક પદયાત્રા કરી માતાજીનાં દર્શન કરવા દૂર દૂરથી આવે છે. સવિશેષ ભાદરવા મહિનાના પ્રારંભથી જ યાત્રાળુઓ ઊમટવા માંડે છે અને પૂનમ પહેલાંના અઠવાડિયા દરમિયાન તો ગુજરાત-રાજસ્થાનના તમામ નાનામોટા રસ્તા અંબાજી તરફ વળી જતા હોય એવું રળિયામળું દૃશ્ય સરજાય છે. ઉત્તરભારતમાં વૈદ્યનાથ મહાદેવને જળ ચડાવવા આવતા કાવડિયાઓની જેમ અંબાજી જનારા પદયાત્રીઓ આખેઆખા રોડ રોકી લેતા હોઈ વાહનોની અવરજવરમાં પણ વ્યવધાન સરજાય છે. શ્રદ્ધાનો પ્રશ્ન હોઈ બધા એકમેકને અનુકૂળ થઈ જતા હોય છે, છતાં અવારનવાર નાનામોટા અકસ્માતો પણ થતા રહે છે. લોકો આખેઆખા રસ્તાનો કબજો લઈ લે તે નાગરિક સમજણ (સિવિક સેન્સ)ની ઊણપ સૂચવે છે. ધર્મ એ આપણી અંગત બાબત છે, શ્રદ્ધા એ આપણો ખાનગી વિષય છે, પરંતુ આપણી વર્તણૂકથી સમાજને કષ્ટ પહોંચે તે કોઈપણ દૃષ્ટિએ યોગ્ય ન જ ગણાય. ગુજરાતી પ્રજા આમ ઘણી શાંતિપ્રિય છે પરંતુ અંબાજીના માર્ગો પર ઊમટતી મેદનીમાં શિસ્તનો અભાવ જોઈ જરૂર ગ્લાનિ જ થાય.બીજી તરફ સેંકડો માઈલ લાંબી આ યાત્રામાં પદયાત્રીઓને માટે ઠેકઠેકાણે વિસામા અને ચા-નાસ્તા સહિત ચોવીસે કલાકની ભોજન વ્યવસ્થા ઊભી કરનારા શ્રદ્ધાળુ મહાજનોની સેવાવૃત્તિ જોઈ આ હળાહળ કળિયુગમાં પણ સતયુગનો આભાસ થયા વગર નથી રહેતો. કેટલાક લોકો તો યાત્રાળુઓના પગ દબાવી આપતા હોય છે, માલિશ કરી આપતા હોય છે. એમને એ પદયાત્રીઓમાં જ મા જગદંબાનાં દર્શન થતાં હશે કે શું? જો આવું જ વર્તન દરેક પોતાના પરિવારમાં દાખવતું હોય તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે. મોટાભાગના યાત્રાળુ કોઈને કોઈ અંગત માનતા માગણી કે બાધા-આખડી નિમિત્તે અંબાજીની પગપાળા યાત્રા કરતા હોય છે. જગદંબા સૌની માતા છે, એને મન કોઈ મોટું કે નાનું નથી. રાજા અને રંક-બેઉ એને મન સમાન છે. આ સમાનતાનો સંદેશ આપણને ભાદરવી પૂનમના મેળામાં ઊમટતી વિશાળ મેદની જોતાં સાંપડે છે. અહીં પોશીના પટ્ટાનો ગરીબ પણ મળશે અને મુંબઈ જેવી માયાનગરીનો કોઈ માલેતુજાર ઉદ્યોગપતિ કે અભિનેત્રી પણ મળી જશે. ગુજરાત સરકારે અંબાજી મંદિરને વિશ્વફલક પર મુકાવી એક કરવાલાયક કામ કર્યું છે. પરંતુ કરોડોની આવક ધરાવતાં મંદિરોની આંધળી સંપત્તિનો વિનિયોગ ગરીબ પ્રજાના શિક્ષણ અને આરોગ્ય ઉપરાંત શૌચાલય જેવી પાયાની જરૂરિયાતો માટે થાય તે જરૂરી છે. તિરુપતિ બાલાજી, સાંઈ સંસ્થાન કે સત્યસાંઈ સંસ્થાન દ્વારા ચાલતી માનવકલ્યાણની પ્રવૃત્તિઓ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અન્વયે પણ ચાલુ થાય તેવી અપેક્ષા અસ્થાને નહીં જ લેખાય. જગદંબાને પણ પોતાની સંપત્તિ એવાં સારાં કામોમાં વપરાય તે ગમશે.



શહેરની ઈન્ફોસીટી સ્કૂલમાં 'વ્યક્તિત્વ વિકાસ અને વ્યવસાય પસંદગી' વિષય પર યોજાયેલા સેમિનારમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ચાન્સેલર ડૉ. ચંદ્રકાન્ત મહેતાના પ્રવચનનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ ડૉ. મહેતાનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ ગુલાબની પાંખડીથી મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું તુષારકુમારે સંચાલન કર્યુ હતુ અને ડાયરેક્ટર જયેન્દ્ર પાઠકે આભારવિધિ કરી હતી. (તસવીર : દિપક જાની)





આપણા દિકરા તો આશીર્વાદ લેવાય નથી આવતા...!! છેલ્લે વિલમાં સહી લેવા આવ્યો...!!

## દિલ્હીના વર્ષા મંગલમ્ કાર્યક્રમમાં વેણુ ભારતીના કલાકારો ઝળકયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની કલાક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી 'વેણુ ભારતી' સંસ્થાના કલાકારો દ્વારા દિલ્હી ખાતે કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. દિલ્હી ટુરિઝમ વિભાગ, દિલ્હી અને સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર દ્વારા દિલ્હી ખાતે ત્રિ દિવસીય 'વર્ષા મંગલમ્' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભારતના વિવિધ રાજયો દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં મધ્યપ્રદેશ દ્વારા 'સૈલા નૃત્ય', હરિયાણા દ્વારા ઘૂમર નૃત્ય, બિહાર દ્વારા ઝિઝિયા નૃત્ય, ઉત્તરાખંડ દ્વારા હારુલ નૃત્ય, મધ્યપ્રદેશ દ્વારા બરેદી નૃત્ય રજુ કરવામાં આવ્યા હતા. જેમાં શહેરની 'વેણુ ભારતી' સંસ્થા દ્વારા દાંડિયા રાસ અને ગરબા લોકનૃત્યની રજૂઆત કરવામાં આવી હતી.

૨૮ થી ૩૦ ઓગષ્ટ દરમિયાન દિલ્હીના વિવિધ સ્થળોએ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૮મીએ દિલ્હી હાટ, આઈ.એન.એ. ખાતે ગરબા રાસની રજૂઆત કરવામાં આવી હતી. તા. ૨૯મીએ ગાર્ડન ઓફ ફાઈવ સૈસેઝ, મહરૌલી ખાતે દાંડિયા રાસ અને ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. તા. ૩૦મીએ દિલ્હી હાટ, પ્રીતમપુરા ખાતે પણ ગરબા અને રાસની રમઝટ બોલાવી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન ટુરિઝમ વિભાગ દિલ્હી, ઉત્તર મધ્ય ક્ષેત્રે સાંસ્કૃતિક કેન્દ્ર, અલ્હાબાદ, સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં લાલજીભાઈ બારોટે શહેનાઈના સૂર રેલાવ્યા હતા જયારે વિવિધ ફિલ્મ અને ગુજરાતી આલ્બમમાં ઢોલનો ધબકાર આપનાર ખ્યાતનામ ઢોલી રમેશ નાડિયાએ ઢોલની રમઝટ બોલાવી હતી. મિહીર ધોબી દ્વારા દોહા-છંદની રજૂઆત કરી દર્શકોને ઝૂમતા કરી દીધા હતા.

સંસ્થાના બિન્નીબેન દવે, રેખા ડામોર, દર્શના રોઠોડ, જવનિકા મહેતા, ધ્વની જાની, ચાહના દવે, જીમી ગામેતી, આકાશ ચૌધરી, જીમી સુતરીયા, જય પટેલ દ્વારા કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.સંસ્થાના ડાયરેકટર નીતિન દવેએ સમગ્ર કૃતિઓની કોરિયોગ્રાફી-સંગીત સંચાલનની જવાબદારી નિભાવી હતી.





## જેસીઆઈ દ્વારા અનાથ બાળકો સાથે ફન-ડે ની ઉજવણી

જેસી સપ્તાહની ઉજવણી એની ચરમ સીમાએ છે. આ ઉજવણીનો લાભ અનાથ બાળકો સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે જેસીઆઈ દ્વારા ચાઈલ્ડ હેવન્સ ઈન્ટરનેશનલના અનાથ બાળકો સાથે 'ફન ડે'ની ઉજવણી કરાઈ હતી. બાળકોનો ઉત્સાહ વધારવા માટે ત્રીપગી દોડ, ફુગ્ગાની રમતો અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા બાળકોને જેસીઆઈ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન જેસીઆઈના ઝોન સેક્રેટરી દર્શન મોદી, નિમેષભાઈ રાવલ, રજનીકાંતભાઈ વૈષ્ણવ અને પ્રથમ એજ્યુકેરના ઈડી પ્રહર અંજારીયાની હાજરી પ્રોત્સાહક રહી હતી. રોટરીના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી અમીબેન શાહ એ આ પ્રસંગે ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમની સફળતા માટે પ્રોજેક્ટ ચેરમેન દિવ્યા ગોહીલ, પરા વૈષ્ણવ, દિશા દેસાઈ, રુચિતા શાહ, વિશાલ વર્મા અને અભય શાહે જહેમત ઉઠાવી હતી. કેતન ભાવસાર અને અનામિકા અંજારીયાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી.

## જૈન તપસ્વીઓ તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

જૈન સોશ્યલ ગ્રૂપ દ્વારા શહેરમાં આઠ કે તેથી વધુ ઉપવાસ કરનાર જૈન તપસ્વીઓનું તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ તા. ૨૨મી રવિવારના દિવસે સેક્ટર-૭ની લગ્નવાડી ખાતે યોજેલ છે. મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણપર્વ નિમિત્તે ગાંધીનગરના લગભગ ૧૫૦ જૈન ભાવિકોએ આઠથી વધુ ઉપવાસ કર્યા હતા. જેમને સન્માનવાના હેતુથી જૈન સોશ્યલ ગ્રૂપ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જૈન સમાજના ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા તેજસ્વી બાળકો તેમજ ફેડરલ લેવલે ઈન્ડોર ગેમ્સ સ્પર્ધામાં વિજેતાઓનું પણ બહુમાન આ કાર્યક્રમમાં કરવામાં આવશે તેવું જૈન સોશ્યલ ગ્રૂપની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

સે-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૯ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પશુ સુરક્ષા અને પર્યાવરણ સુરક્ષા હવે વિશ્વસુરક્ષા છે, માનવ શરીર માટે શાકાહાર જ ઉત્તીમ આહાર છે અને ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં વર્તમાન શિક્ષણ પધ્ધતિ જેવા વિવિધ સર્જનાત્મક વિષયોને આ સ્પર્ધામાં આવરી લેવામાં આવ્યા હતા.

## અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં મેગા જોબ ફેર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં આજરોજ 'મેગા જોબ ફેર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની પ્રતિષ્ઠિત કંપનીઓએ ૪૫ જેટલા ઉમેદવારોને કેમ્પસ ઈન્ટરવ્યુ લઈ નોકરી માટે પસંદ કર્યા હતા.

સવારે ૧૦ વાગ્યાથી ચાલુ થઈ બપોરે ૩ વાગ્યા સુધી ચાલેલા આ જોબફેરમાં વોડાફોન, ઈ-ટેક, ટીસીએસ, એકઝીઓમ, મનન બજાજ, રોયલ (એન ફિલ્ડ) મોટર્સ, કવીન્સ ટેક (યુએસએ) જેવી ખ્યાતનામ કંપનીઓએ લગભગ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ કર્યા હતા. જેમાંથી લગભગ ૪૫ જેટલા વિદ્યાર્થીઓને 'ઓન ધ સ્પોટ જોબ' ઓફર કરવામાં આવી હતી. પસંદ થયેલા વિદ્યાર્થીઓને ૮૦૦૦ થી લઈ ૧૫૦૦૦ સુધીના માસિક વેતનની ઓફર કરાઈ હતી. કેટલાક વિદ્યાર્થીઓને સેકન્ડ રાઉન્ડના ઈન્ટરવ્યુ માટે પણ આમંત્રિત કરાયા છે. સમગ્ર જોબફેરમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આંતરરાષ્ટ્રિય ઓઝોન પડ જાળવણી દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ દ્વારા આંતરરાષ્ટ્રિય ઓઝોન પડ જાળવણી દિનની ઉજવણી કરાઈ.

પૃથ્વીની આસપાસ ઓઝોન વાયુનું પડ આવેલુ છે. આ ઓઝોન પડની જાળવણી માટે દર વર્ષે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી દ્વારા તંદુરસ્ત વાતાવરણમાં જ સમાયું છે. 'આપણું અપેક્ષિત ભાવિ' તે વિષય ઉપર અનેક પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલ, નરેશભાઈ ઠાકર, અનીલભાઈ પટેલ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને આચાર્યા ડૉ. પ્રેમીલાબેન પટેલે વિદ્યાર્થીઓને વિજ્ઞાન ક્ષેત્રે કારકિર્દી ઘડવા માટે આહ્વાન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ દ્વારા આયોજન કર્યુ હતુ.

## કલાકાર રોહિત ધીરજકુમારનું ફિલોસાફી ઓફ નેચર વિષયક પ્રદર્શન રવિશંકર આર્ટ ગેલેરી ખાતે યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

સરકારી સેવાઓમાં ઉચ્ચ પદ પર રહ્યા બાદ પણ ચિત્રકલા ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ગાંધીનગર જિલ્લાના કલોલના વતની રોહિત ધીરજકુમારે તાજેતરમાં ફીલોસોફી ઓફ નેચર વિષય ચિત્ર પ્રદર્શન રવિશંકર આર્ટ ગેલેરી, અમદાવાદ ખાતે યોજ્યું હતું. આ તેમનું ૩૭મુ સોલો પેઈન્ટીંગ પ્રદર્શન છે.

મૂળ ગાંધીનગરના માણસા તાલુકાના આજોલ ગામના વતની રોહિતી ધીરજકુમાર કલાક્ષેત્રે ઉચ્ચ પદવી મેળવ્યા બાદ રાજ્ય અને કેન્દ્ર સરકારમાં ઉચ્ચ પદો પર કાર્યરત રહ્યા. સાથે જ ચિત્રકલા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા રહ્યા તેઓએ યુનો દ્વારા જાહેર કરેલા આંતરરાષ્ટ્રીય વર્ષોના આધારે જુદા જુદા ચિત્રો દોરી અને તેનું પ્રદર્શન યોજી તેની ઉજવણીના ભાગીદાર બન્યા. તાજેતરમાં જ અમદાવાદ લો ગાર્ડન સ્થિત રવિશંકર આર્ટ ગેલેરી ખાતે તેઓએ પોતાનું ૩૭મુ સોલો પેઈન્ટીંગ પ્રદર્શન યોજ્યુ. જેનો થીમ ફીલોસોફી ઓફ નેચર હતો. જેને કલાના ચાહકોએ ખુબ દાદ આપી હતી.



# સાબુથી શું થવાય ? સ્વચ્છ, સુંદર કે બિમાર ?

**વિચારોનાં મધુવનમાં**

*પ્રા. ડો. રાકેશ પટેલ*

શૂમાકર નામના તંત્રજ્ઞાનના તજજ્ઞએ પોતાના "સ્મોલ ઇઝ બ્યુટીએફૂલ" નામના પુસ્તકમાં તંત્રજ્ઞાન વિશેના અનેક ચિંતકમૂલક વિચારો નિરૂપ્યા છે. તે કહે છે. "આજનું તંત્રજ્ઞાન અમાનવીય છે. આજના આધુનિક તંત્રજ્ઞાનમાં પ્રચંડ ઉર્જા અને કરોડો રૂપિયાના મૂડીરોકાણની જરૂર છે. તે માણસને યંત્રનો ગુલામ બનાવે છે. એવું તંત્રજ્ઞાન અપનાવવું જોઇએ જે સાદું, સસ્તું અને સ્વાવલંબી, રોજગારલક્ષી હોય."

શૂમાકરજીની વાતમાં દમ છે. ગાંધીબાપુની ફિલસૂફી આજ સિદ્ધાંતથી પ્રારંભાતી હતી. આપણી જીવનયાત્રાનું બળતણ આપનાર છે માત્રને માત્ર પર્યાવરણ. રોચકતા અને અનંતતાથી ભરી પડી છે પર્યાવરણની અફાટ દુનિયા. કેટલાક ઉપાયો છે. પર્યાવરણને બચાવવાનાં; જેમ કે સાબુથી કપડાનો મેલ દૂર થાય છે એ વાત સાચી પણ બધા પ્રકારના મેલને દૂર કરવા માટે સાબુ જરૂરી નથી.

દા.ત. કપડામાં લાગેળી ધૂળ સાફ કરવા માટે કંઇ સાબુની જરૂરી નથી. તેથી કપડા ધોતી વખતે પ્રથમ સાદા પાણીમાં બોળો, મસળો તો મોટા ભાગનો મેલ તો એમ જ નીકળી જાય.

આજે ઘણા ઘરોમાં બ્રેડ અને પાઉંનું ચલણ વધતું જાય છે. પણ આ બંને ખોરાકી ચીજવસ્તુઓ બનાવવા માટે વાંધાજનક વસ્તુઓનો પ્રયોગ કરવામાં આવે છે તે આપણે જાણતા નથી. મોટી - મોટી કંપનીઓ પોતાના બ્રાંડના નામે બીજી નાના ગૃહઉદ્યોગોને કામ સોંપી ઊંચો નફો અંકે કરે છે. (બિસ્કીટની એક જાણીતી કંપનીનું રેપર ખોલી જોશો તો તમને એ સત્ય કદાચ જોવા મળે!) આમ પણ મેંદાની વસ્તુઓ બાળકો અને વૃદ્ધોને માટે તો વિનાશકારી છે. શક્ય હોય તો ઘરની બનાવેલી અથવા ગામમાં બનેલી ખાવાની વસ્તુઓ જ લો, જેનાથી રોજગારી પણ વધે અને કરકસર પણ થાય. (એક ન્યાયાલયમાં દારૂડિયાને ન્યાયધીશ સામે ઊભો કરવામાં આવ્યો. એ વખતે એણે એક જ વિનંતી કરી, "સાહેબ! મેં દારૂ પીધો છે એ વાત સાચી પરંતુ આજ સુધી મેં દેશી દારૂ જ પીધો છે. પરદેશી દારૂને હાથ લગાડ્યો નથી. એથી મારો દેશપ્રેમ ધ્યાનમાં રાખીને મને સજા હળવી કરવી જોઇએ."

યુવામિત્રોએ એક પ્રશ્ન શાંતિથી વિચારવા જેવો છે કે સાબુનો સંબંધ સ્વચ્છતા સાથે છે કે સુંદરતા સાથે? ટેલીવિઝન પર આવતી જાહેરાતો આપણી વિચારવાની તક પણ છીનવી લે છે! તે આપણને એમ કહી સાબુની જાહેરાતો આપણી વિચારવાની તક પણ છીનવી લે છે! તે આપણને એમ કહી સાબુની જાહેરાત કરે છે કે "આ સાબુ વાપરવાથી સુંદર બની જવાય." હકીકતમાં સાબુથી સ્વચ્છ થવાય પણ સુંદર ન જ થવાય. બીજી પણ એક હકીકત જાણવા જેવી છે કે સાબુથી આપણા વાળ મુલાયમ થતા નથી પણ સાબુ પોતાનામાં રહેલા કેમિકલથી તે વાળને ઘસીને મુલાયમ બનાવે છે, જેમ ઇંટને ઘસવાથી તે લીસી તો થાય પણ તેનું આયુષ્ય પણ ઓછું થાય. સાબુથી જરૂર વગર રોજ સ્નાન કરતા હશો તો વાળ ઉતરવાની અથવા વાળ સફેદ થવાની સમસ્યા અનુભવતા હશો જ. પણ આપણને સાબુમાંથી નીકળતું ફીણ અને સુગંધ મોહી લે છે.

મોટા ભાગનાં કોસ્મેટીક્સ અને શેમ્પુમાં પેટ્રોકેમિકલ્સનો ઉપયોગ થાય છે. પર્સનલ કેર વસ્તુઓમાં DEA (Diethanolomine) જોવા મળે છે. જેમાંથી સાબુ, ડિટરજન્ટ વગેરે બને છે. ઘર વપરાશની ૫૦૦ ચીજવસ્તુઓમાં આ ડીઇએ વપરાય છે. જે કીડની, લીવર અને અન્ય અંગોને અસર કરે છે. આ રસાયણો શરીરમાંથી જલદી બહાર નીકળતા નથી. અનેક પ્રયોગોમાં જોવા મળ્યું છે કે પ્રાણીઓ ઉપર તેની ઘાતક અસરો થાયછે. કેંસર જેવા રોગો પણ આ રસાયણોને લીધે થતા જોવા મળે છે. Propylene Glycol, Sodium Lauryl Sulfate (SLS) જેવા કેમિકલ્સ ઘાતક રોગોને નિમંત્રણ આપનારા છે, બાળકોને આપવામાં આવતી ટૂથપેસ્ટ જો ધ્યાન રાખવામાં ન આવે તો પેટમાં જાય છે અને બીમારીઓનો ભોગો બને છે. આપણા પૂર્વજો દાતણ ચાવતા એ ખરેખર તો એક કાંકરે અનેક પક્ષી મારતા. દાંત શુદ્ધ થાય, બિમારીથી દૂર રહેવાય અને દાંત મજબૂત થાય.

શનગાર સજીને ઘરની બહાર નીકળતી વખતે સુગંધીદાર સ્પ્રે આપણા કપડાં ઉપર છાંટવું એ આપણા ફેશનેબલ અને આધુનિક હોવાની સાબિતી છે. આ ફુવારામાં ફ્લોરો-ફ્લોરો-કાર્બન (સી.એફ.સી) વાયુ હોય છે. તેને કારને પૃથ્વીના વાતવરણમાં ઉપરા થરમાં રહેલા ઓઝોનનો નાશ થાય છે. ખાદ્ય પદાર્થોને કીડી ચડવી એ ગૃહિણીઓની સમસ્યા છે. કીડીને જંતુનાશકથી મારવાની જરૂર નથી. હળદર પાથવાથી કીડી દૂર ભાગે છે. ખાંડમાં એક-બે લવિંગ મૂકવાથી કીડી તેમાં પ્રવેશતી નથી.